ગુજરાત એન્ટી-સાયક્લોનિક સિસ્ટમની અસર હેઠળ

10થી 14 મે સુધી તાપમાન 46 ડિગ્રી થવાની આગાહી

10, 11 અને 12 મે દરમિયાન જરૂર વગર બપોરના સમયે બહાર ન નીકળવાની સલાહ

સુરત : ગુજરાતમાં આગામી દિવસોમાં ઉનાળાનો પ્રકોપ વધુ તીવ્ર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાનની વર્તમાન પરિસ્થિતિને જોતા 10 મે બાદ ઉત્તર-પશ્ચિમ ભારત ઉપર મજબૂત એન્ટી-સાયક્લોનિક સિસ્ટમ સર્જાવાની સંભાવના છે, જેના કારણે આકાશ સંપૂર્ણપણે સ્વચ્છ રહેશે અને સૂર્યના કિરણો સીધા જમીન પર પડતા ગરમીમાં ભારે વધારો થશે. હવામાન નિષ્ણાંતોના અનુમાન મુજબ 8 મેથી 14 મે દરમિયાન સમગ્ર ગુજરાતમાં અસહ્ય ગરમીનો માહોલ સર્જાઈ શકે છે. રાજ્યના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન 45થી 46 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં અનુભવાતું તાપમાન 50 ડિગ્રીથી પણ વધુ રહેવાની શક્યતા દર્શાવવામાં આવી રહી છે. ખાસ કરીને ધોળકા, નડિયાદ, અમદાવાદ, વડોદરા, આણંદ, બોરસદ, કપડવંજ, બાલાસિનોર, લુણાવાડા, બાયડ, માણસા અને બાવળા વિસ્તારમાં ભારે ગરમીનો પ્રભાવ જોવા મળી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્રના ગારીયાધાર, પાલિતાણા, ગઢડા, બોટાદ, બરવાળા, પાંચી, ધ્રાંગધ્રા, હળવદ, ખેરાલુ, અમરેલી અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં પણ કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિશ્લેષકોના જણાવ્યા અનુસાર એન્ટી-સાયક્લોનિક સિસ્ટમના કારણે પવનની ગતિ ઘટશે અને ગરમ હવાની અસર વધુ તીવ્ર બનશે. સતત ખુલ્લા આકાશના કારણે દિવસ દરમિયાન સીધો તાપ વધતા લોકોને ભારે અગવડતા અનુભવાઈ શકે છે.ગરમીને ધ્યાનમાં રાખીને લોકોને ખાસ સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને તારીખ 10, 11 અને 12 મે દરમિયાન જરૂર વગર બપોરના સમયે બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી છે. વધુ પ્રમાણમાં પાણી પીવું, શરીરને હાઈડ્રેટ રાખવું અને એસીવાળા વાતાવરણમાંથી સીધા તડકામાં અથવા તડકામાંથી તરત જ ઠંડા વાતાવરણમાં જવાનું ટાળવાની પણ સૂચના આપવામાં આવી છે.આગામી એક અઠવાડિયા દરમિયાન ગુજરાતમાં 'રીઅલ સમર'નો અસલી પ્રકોપ જોવા મળી શકે છે, તેથી વૃદ્ધો, બાળકો અને બીમાર વ્યક્તિઓએ ખાસ કાળજી રાખવાની જરૂર રહેશે.

સુરેન્દ્રનગરમાં આગઝરતી 44 ડિગ્રી ગરમી

રાજ્યમાં આગામી 7 દિવસ હીટવેવની આગાહી

કેટલાક જિલ્લામાં વરસાદની શક્યતા

ગાંધીનગર : ગુજરાતમાં ઉનાળાનો કાળો કહેર યથાવત્ રહ્યો છે. આજે રાજ્યમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં નોંધાઈ હતી, જ્યાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં તાપમાનમાં વધુ 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેના કારણે અનેક વિસ્તારોમાં હીટવેવ જેવી સ્થિતિ યથાવત્ રહી શકે છે.

હવામાન વિભાગના આંકડા મુજબ રાજ્યના અન્ય શહેરોમાં પણ ભારે ગરમીનો અનુભવ થયો હતો. રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે કંડલા એરપોર્ટ પર પણ 43 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. અમરેલી, ડીસા, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં 42 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભૂજ અને કંડલા પોર્ટમાં 41 ડિગ્રી, ભાવનગર, કેશોદ અને સુરતમાં 40 ડિગ્રી, દમણમાં 38 ડિગ્રી, મહુવામાં 37 ડિગ્રી અને નલિયામાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતા વધુ રહ્યું હતું, જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ તાપમાન સામાન્ય કરતા ઉપર નોંધાયું હતું. હવામાન વિભાગે જણાવ્યું હતું કે મધ્ય પાકિસ્તાન અને આસપાસના પંજાબ-રાજસ્થાન વિસ્તારમાં સર્જાયેલું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન હજુ યથાવત્ છે. ઉપરાંત કોમોરિન વિસ્તારથી મધ્યપ્રદેશ સુધી પવનની દિશામાં વિક્ષેપ સર્જાયો છે. રાજ્યમાં નીચલા સ્તરે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે.

હવમાન વિભાગે આગાહી કરી છે કે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં ધીમે ધીમે 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.આ ઉપરાંત દરિયાકાંઠાના વિસ્તારોમાં 9 થી 15 મે દરમિયાન ગરમ અને ભેજવાળું વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતા છે. બનાસકાંઠા, પાટણ, વડોદરા, સુરત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, અમરેલી, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, કચ્છ અને દીવ જિલ્લામાં હીટવેવ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે મુખ્યત્વે ખુલ્લા આકાશની આગાહી કરી છે. શહેરમાં આવતીકાલે મહત્તમ તાપમાન 43 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.બીજી તરફ આવતીકાલ તા.9 મેના રોજ દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

સમદડી-લૂણી સેક્શનમાં RUB બાંધકામને કારણે કેટલીક ટ્રેનો રદ

અમદાવાદ : ઉત્તર પશ્ચિમ રેલવેના સમદડી-લૂણી સેક્શનમાં દૂદિયા અને દૂંદાડા સ્ટેશનો વચ્ચે રોડ અન્ડર બ્રિજ (RUB) બાંધકામ માટે બ્લોક લેવામાં આવતાં કેટલીક ટ્રેનોના સંચાલન પર અસર પડશે. કેટલીક ટ્રેનો નિર્ધારિત તારીખોએ રદ રહેશે, જ્યારે એક પેસેન્જર ટ્રેનને રિ-શિડ્યુલ કરવામાં આવી છે. રેલવેના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ટ્રેન નંબર 14893 ભગત કી કોઠી-પાલનપુર એક્સપ્રેસ 10 મે, 17 મે, 22 મે, 29 મે, 7 જૂન અને 14 જૂન 2026ના રોજ રદ રહેશે. જ્યારે ટ્રેન નંબર 14894 પાલનપુર-ભગત કી કોઠી એક્સપ્રેસ 11 મે, 18 મે, 23 મે, 30 મે, 8 જૂન અને 15 જૂન 2026ના રોજ રદ રહેશે. આ ઉપરાંત ટ્રેન નંબર 74841/74842 ભગત કી કોઠી-ભીલડી-ભગત કી કોઠી પેસેન્જર 17 મે અને 29 મે 2026ના રોજ સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર 74842 ભીલડી-ભગત કી કોઠી પેસેન્જર 10 મે, 22 મે અને 14 જૂન 2026ના રોજ ભીલડી સ્ટેશનથી નિર્ધારિત સમય કરતાં એક કલાક મોડેથી રવાના થશે.

લક્ઝરી ક્રુઝ પર દેખાયેલા હંતા વાયરસને કારણે દુનિયાભરમાં કેમ ચિંતા ફેલાઈ ગઈ છે?



પાંચેક વર્ષ પહેલાં દુનિયાનાં લોકોને કોરોના વાયરસથી ડરાવીને લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું તેમ આજકાલ હંતા વાયરસને કારણે વિશ્વભરમાં ભય ફેલાવાઈ રહ્યો છે. નિષ્ણાતો કહે છે કે આ વાયરસ સામાન્ય રીતે ઉંદરોનાં પેશાબ, લાળ અથવા મળ દ્વારા ફેલાય છે, પરંતુ જો તે એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં ફેલાય છે, તો તે અત્યંત ખતરનાક સાબિત થઈ શકે છે. હંતા વાયરસનાં લક્ષણો શરૂઆતમાં સામાન્ય ફ્લૂ જેવાં જ હોય છે. તેમાં તાવ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો, પેટ ખરાબ થવું અને હળવી ઉધરસનો સમાવેશ થાય છે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે ઘણાં લોકોને કોઈ લક્ષણોનો અનુભવ થતો નથી. ગંભીર કિસ્સાઓમાં હંતા વાયરસ કિડનીને અસર કરી શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ પેદા કરી શકે છે. નવા શોધાયેલા ન્યૂ વર્લ્ડ હંતા વાયરસ ઝડપથી ફેફસાંમાં ફેલાય છે, જે વાયુમાર્ગમાં અવરોધ પેદા કરી શકે છે. હંતા વાયરસ સામાન્ય ફ્લૂ કરતાં વધુ ખતરનાક છે. એશિયા અને યુરોપમાં હંતા વાયરસથી મૃત્યુદર ૧૪ ટકા સુધી હોઈ શકે છે.

અમેરિકામાં આ વાયરસથી મૃત્યુદર વધુ હોઈ શકે છે. જ્યારે ફ્લૂથી મૃત્યુ થવાની શક્યતા ઓછી છે, ત્યારે હંતા વાયરસનો ચેપ ફેફસાં અને કિડનીને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. આ વાયરસનું નામ દક્ષિણ કોરિયાની હંતાન નદી પરથી રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોએ સૌ પ્રથમ ૧૯૭૮ માં આ વિસ્તારમાં રહસ્યમય તાવના અહેવાલો પછી વાયરસની ઓળખ કરી હતી. પછીથી જાણવા મળ્યું કે આ ચેપ મુખ્યત્વે ઉંદરો અને અન્ય પ્રાણીઓથી માણસોમાં ફેલાય છે. હાલમાં હંતા વાયરસ માટે કોઈ ચોક્કસ રસી કે દવા ઉપલબ્ધ નથી. ડોકટરો દર્દીઓની સારવાર તેમનાં લક્ષણોના આધારે કરે છે. સમયસર હોસ્પિટલમાં દાખલ થવા અને ઓક્સિજન સપોર્ટથી બચવાની શક્યતા વધી જાય છે. કેટલાક કિસ્સાઓમાં સારવાર માટે એન્ટિવાયરલ દવા રિબાવિરિનનો ઉપયોગ થાય છે, પરંતુ તે તમામ પ્રકારના ચેપ સામે અસરકારક સાબિત થયું નથી.

ટુંક પોઇન્ટ ▪ સંજય વોરા ▪

આર્જેન્ટિનાથી કેપ વર્ડે જતી લક્ઝરી ક્રુઝ શિપમાં ત્રણ લોકોનાં મોત થયાં છે અને એકને આ વાયરસનો ચેપ લાગ્યો હોવાની પુષ્ટિ થઈ છે. દુનિયાભરની આરોગ્ય એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. લોકો વિચારી રહ્યાં છે કે શું ભવિષ્યમાં આ વાયરસ કોરોના વાયરસની જેમ ફેલાઈ શકે છે?

હંતા વાયરસથી સંક્રમિત બે લોકો અને એક શંકાસ્પદ કેસને ઘાતક વાયરસના પ્રકોપથી અસરગ્રસ્ત જહાજમાંથી બચાવી લેવામાં આવ્યા છે અને ઓછામાં ઓછા ૧૫૦ લોકોને લઈને જહાજ હવે કેપ વર્ડેથી સ્પેનના કેનેરી ટાપુઓ માટે રવાના થઈ ગયું છે. જહાજમાં તેના ક્રૂમાં બે ભારતીય નાગરિકો પણ સામેલ છે. જો કે, તેમાંથી કોઈની સ્થિતિ જાણી શકાઈ નથી. જહાજના ફૂટેજમાં આરોગ્ય કર્મચારીઓ રક્ષણાત્મક ગિયર પહેરીને ત્રણ દર્દીઓને બહાર કાઢતાં દેખાય છે, જેમાં એક બ્રિટિશ ડોક્ટરનો પણ સમાવેશ થાય છે. બુધવારે સાંજે બે દર્દીઓ એમ્સ્ટરડેમ એરપોર્ટ પર પહોંચ્યાં હતાં અને તેમને અલગ અલગ હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યાં હતાં. વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર ત્રણ લોકોનાં મોત થયાં છે અને એક મૃતદેહ હજુ પણ જહાજ પર છે.

WHOના ટોચના રોગચાળાના નિષ્ણાતે કહ્યું છે કે આ ઘટના અત્યંત દુર્લભ છે. યુરોપ અને આફ્રિકાના આરોગ્ય અધિકારીઓ એવાં લોકોની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે જેઓ ૧ એપ્રિલના રોજ દક્ષિણ અમેરિકાથી એન્ટાર્કટિકા અને એટલાન્ટિક મહાસાગરના ઘણા દૂરના ટાપુઓ માટે નીકળેલા જહાજમાંથી ઊતરેલાં લોકોના સંપર્કમાં આવ્યાં હશે. આ રોગચાળાની તપાસ કરી રહેલા આર્જેન્ટિનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર માને છે કે વિમાનમાં ચઢતાં પહેલાં ઉશુઆયા શહેરમાં પક્ષી શો જોઈ રહેલા એક ડચ દંપતીને વાયરસ લાગ્યો હશે. ડચ વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે વિમાનમાંથી બહાર કાઢવામાં આવેલાં ત્રણ લોકોમાં ૪૧ વર્ષીય ડચ નાગરિક, ૫૬ વર્ષીય બ્રિટિશ નાગરિક અને ૬૫ વર્ષીય જર્મન નાગરિકનો સમાવેશ થાય છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (WHO) એ જણાવ્યું હતું કે સેનેગલમાં હાથ ધરાયેલાં પરીક્ષણોમાં પુષ્ટિ મળી હતી કે જહાજમાંથી બહાર કાઢવામાં આવેલાં બે લોકો હંતા વાયરસથી સંક્રમિત હતાં. ડચ જહાજ સંચાલકે જણાવ્યું હતું કે તેમાંથી બે વ્યક્તિની હાલત ગંભીર હતી, જ્યારે ત્રીજી વ્યક્તિમાં કોઈ લક્ષણો નહોતાં પરંતુ તે MV હોન્ડિયસમાં મૃત્યુ પામેલા જર્મન મુસાફર સાથે નજીકના સંપર્કમાં હતો. WHO એ હવે જેમનાં નાગરિકો દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં સ્થિત બ્રિટિશ પ્રદેશ સેન્ટ હેલેના ખાતે ક્રુઝ શિપ MV Hondius માંથી ઊતરી ચૂક્યાં છે તેવા ૧૨ દેશોને જાણ કરી છે. આ ૧૨ દેશોમાં કેનેડા, ડેનમાર્ક, જર્મની, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, સેન્ટ કિટ્સ અને નેવિસ, સિંગાપોર, સ્વીડન, સ્વિટ્ઝર્લેન્ડ, તુર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.

WHOના વડા ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે જીનીવામાં એક મીડિયા બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે જો જાહેર આરોગ્ય પગલાં ઝડપથી અને યોગ્ય રીતે લેવામાં આવે તો એજન્સી હાલમાં ચેપ મર્યાદિત રહેવાની અપેક્ષા રાખે છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે જેમ જેમ ઘણા દેશો મુસાફરો અને તેમના સંપર્કમાં આવેલાં લોકોની તપાસ ચાલુ રાખશે, તેમ તેમ વધુ કેસ બહાર આવી શકે છે. WHO એ જણાવ્યું હતું કે આર્જેન્ટિનાની લેબમાંથી પાંચ દેશોમાં લગભગ ૨,૫૦૦ હંતા વાયરસ ટેસ્ટ કીટ મોકલવામાં આવી રહી છે. દરમિયાન, એમવી હોન્ડિયસ જહાજમાંથી ક્વોરેન્ટાઇન કરાયેલા બે શંકાસ્પદ હંતા વાયરસ દર્દીઓ સ્પેનના કેનેરી ટાપુઓમાં ગ્રાઉન્ડેડ એર એમ્બ્યુલન્સમાં રહે છે. તેઓ ટેકનિકલ સમસ્યા સર્જાયા બાદ રિપ્લેસમેન્ટ વિમાનની રાહ જોઈ રહ્યા છે. આ વિમાન કેપ વર્ડેથી રવાના થયું હતું અને એમ્સ્ટરડેમ જતાં મોરોક્કન શહેર મરાકેશમાં ઈંધણ ભરવા માટે રોકાવાનું હતું. મોરોક્કન અધિકારીઓએ ત્યાં ઉતરાણ કરવાની પરવાનગી નકારી કાઢી હતી. ફ્યુઅલિંગ દરમિયાન વિમાનના ડોક્ટરે દર્દીની ઇલેક્ટ્રિકલ સપોર્ટ સિસ્ટમમાં ખામીની જાણ કરી હતી. સ્પેને કહ્યું હતું કે તે હંતા વાયરસથી પ્રભાવિત જહાજ એમવી હોન્ડિયસને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કેનેરી ટાપુઓમાં પ્રવેશવાની મંજૂરી આપશે. યુરોપિયન સેન્ટર ફોર ડિસીઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ (ECDC) હાલમાં જહાજની પરિસ્થિતિનું વિગતવાર મૂલ્યાંકન કરી રહ્યું છે, જેથી નક્કી કરી શકાય કે કયા મુસાફરોને કેપ વર્ડે તાત્કાલિક સ્થળાંતરની જરૂર છે.

ભારતમાં હંતા વાયરસના કેસ ભાગ્યે જ જોવા મળે છે, માટે આ સમયે ભારતનાં લોકોએ હંતા વાયરસથી ગભરાવાની જરૂર નથી. તમિલનાડુની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજમાં ડો. સારાહ ચાંડીના નેતૃત્વ હેઠળ આ વાયરસનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તાજેતરનાં વર્ષોમાં ભારતમાં થોડા કેસ જોવા મળ્યા છે, પરંતુ તે ખૂબ જ દુર્લભ છે. ડોક્ટરો સલાહ આપે છે કે ઉંદરોના સંપર્ક પછી જે કોઈને પણ ખૂબ તાવ અને શ્વાસ લેવામાં તકલીફનો અનુભવ થાય છે, તેમણે તબીબી સહાય લેવી જોઈએ. નિષ્ણાતો કહે છે કે હાલમાં ગભરાવાની જરૂર નથી, પરંતુ સ્વચ્છતા, ઉંદરોથી અંતર અને સાવધાની ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. જો ઘર, દુકાન, વેરહાઉસ અથવા નજીકમાં ઉંદરોની ખૂબ હિલચાલ હોય તો હંતા વાયરસના ચેપનું જોખમ વધી જાય છે. લાંબા સમયથી બંધ પડેલા રૂમ, સ્ટોર રૂમ અથવા જૂનાં મકાનોની સફાઈ કરતી વખતે ખાસ કાળજી લેવાની જરૂર છે, કારણ કે ઉંદરના સૂકા મળ અથવા પેશાબના કણો હવામાં ભળીને શરીરમાં પહોંચી શકે છે. તેના શરૂઆતનાં લક્ષણો સામાન્ય વાયરલ તાવ જેવાં હોય છે, તેથી લોકો ઘણી વાર તેને અવગણે છે. પરંતુ જો ખૂબ તાવની સાથે શ્વાસ લેવામાં તકલીફ શરૂ થાય તો તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

આ વાયરસનું નામ દક્ષિણ કોરિયાની હંતાન નદી પરથી રાખવામાં આવ્યું છે. વૈજ્ઞાનિકોએ ૧૯૭૮ માં આ વિસ્તારમાં રહસ્યમય તાવના અહેવાલો પછી વાયરસની ઓળખ કરી હતી

BUSINESS મિત્ર

ક્રૂડ $100ને પાર અને રૂપિયો 94ને આંબતા રોકાણકારોના 1.22 લાખ કરોડ સ્વાહા

યુએસ-ઇરાન વચ્ચે ફરીથી તણાવ વધતા શેરબજારમાં ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 8: ઈરાન અને અમેરિકાની શાંતિ મંત્રણા ચાલુ છે, જેના પર હજુય બંને દેશ સહમત નહીં થતા ફરીથી તણાવ વધવાની સંભાવના જોવાઈ હતી. ભૌગોલિક રાજકીય તણાવને કારણે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભારે ભાર મુકતા શેરબજારમાં સેન્સેક્સ-નિફ્ટી ઘટ્યા હતા, જે સતત બીજા ટ્રેડિંગ સેશનમાં તેમનો ઘટાડો જોવાયો હતો.

નબળા વૈશ્વિક સંકેતોએ બ્રેન્ટ ક્રુડના ભાવને 100 ડોલર પ્રતિ બેરલના આંકડાથી ઉપર ધકેલી દીધા હતા, જેના કારણે ફુગાવાના દબાણ અને ઉંચા આયાત ખર્ચ અંગે ચિંતા વધી હતી. અગાઉના બંધની તુલનામાં રૂપિયો પણ 94 પ્રતિ ડોલરના સ્તરની નજીક નબળો પડ્યો હતો, જેના કારણે બજારની ગભરાટમાં વધારો થયો હતો. જેના પરિણામે નિફ્ટી 24200 પોઈન્ટની સપાટી નીચે સ્તરે બંધ રહી હતી.

રોકાણકારો વધતી જતી અસ્થિરતા વચ્ચે સાવચેત રહ્યા હતા અને સ્ટોક સ્પેશિફિક ટ્રીગર્સ તથા નજીકના ગાળાની બજારની દિશા માટે કોર્પોરેટ કમાણી પરની ઘોષણાઓને ટ્રેક કરવાનું ચાલુ રાખ્યું હતું. જેથી સેક્ટર વાઈઝ જોઈએ તો પીએસયુ બેન્ક, ફાઈનાન્સીયલ સર્વિસીસ અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે આઈટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને કેમિકલ્સ શેરોમાં ખરીદી જોવા મળી હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 1.22 લાખ કરોડનો ઘટાડો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 516.33 પોઈન્ટ એટલે કે 0.66 ટકા ઘટીને 77328.19 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 77647 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77146 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 150.50 પોઈન્ટ એટલે કે 0.62 ટકા ઘટીને 24200 પોઈન્ટની સપાટી તોડીને 25176.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24253 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24126 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 736.85 પોઈન્ટ એટલે કે 1.31 ટકા ઘટીને 55310.55 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે જેએસડબલ્યુ ડ્યુલુક્સ લિ.માં 15.06 ગણા, નુવામા વેલ્થ મેનેજમેન્ટમાં 11.7 ગણા, ટીમકેન ઈન્ડિયામાં 9.96 ગણા, પીડીલાઈટ ઈન્ડ.માં 6.92 ગણા, ક્રાફ્ટમેન ઓટોમેશનમાં 6.91 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે સોનાટા સોફ્ટવેરમાં 43.62 ગણા, લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 21.21 ગણા, થર્મેક્સ લિ.માં 16.81 ગણા, એક્સન કન્સ્ટ્રક્શન 16.45 ગણા, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સમાં 14.36 ગણા કામકાજ નોંધાયા છે.

પીએસયુ બેન્ક શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 3.14 ટકા તૂટયો હતો. જેમાં સ્ટેટ બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, બેન્ક ઓફ બરોડા, સેન્ટ્રલ બેન્ક, પીએનબી, યુકો બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેન્ક, ઈન્ડિયનઓવરસીઝ બેન્ક અ યુનિયન બેન્ક ઘટ્યા હતા.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.05 ટકા સુધારો થયો છે, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.15 ટકા વધ્યો હતો. જેના પરિણામે માર્કેટ બ્રેડથ નકારાત્મક રહ્યા હતા. બીએસઈ ખાતે 2075 શેરો વધ્યા હતા, જ્યારે 2146 શેરો ઘટયા હતા અને 202 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન સામે ખુબ ઉંચા ટેરિફની ધમકી આપ્યા બાદ યુરોપિયન બજારોમાં ઘટાડો જોવાયો હતો. નાજુક યુદ્ધવિરામ વચ્ચે ઈરાન અને યુએસ વચ્ચે નવેસરથી દુશ્મનાવટ અંગે ચિંતા વધતા મોટા ભાગના એશિયન બજારો નીચા સ્તરે બંધ રહ્યા હતા. યુએસ અને ઈરાને હોર્મુઝની ખાડીમાં ગોળીબાર કર્યો હતો, દરેક પક્ષે દાવો કર્યો હતો કે બીજાએ હુમલો શરૂ કર્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.19 ટકા, કેક 1.19 ટકા અને ડેક્સ 1.24 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.35 ટકા, સ્ટ્રેઈટસ 0.41 ટકા, હેંગસેંગ 0.92 ટકા, તાઈવાન 0.79 ટકા, જકાર્તા 2.94 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ સપાટ બંધ રહ્યા હતા. બીજી તરફ, કોસ્પી 0.11 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો જોવાયો

ફોરેક્સ બજાર

ડોલર	94.47 રૂ.
યુરો	111.15 રૂ.
પાઉન્ડ	129.42 રૂ.
યેન	0.6027 રૂ.

કરન્સી બજારમાં રૂપિયાના સુધારાને બ્રેક વાગી હતી અને ડોલરમાં ફરીથી મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 21 પૈસા સુધરીને 94.47ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.26ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 111.15, પાઉન્ડ 129.42, કેનેડિયન ડોલર 69.47, ઓસ્ટ્રેલિયન ડોલર 68.02, જાપાનીઝ યેન 0.6027 અને સીંગાપોર ડોલર 74.39ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-516.33	77328.19
નિફ્ટી	-150.50	24176.15
બેન્ક નિફ્ટી	-736.85	55310.55

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	4.68	4509.00
અપોલો હોસ્પિટલ	3.32	8097.00
એશિયન પેઇન્ટ્સ	2.74	2599.90
ટાટા કન્ઝ્યુમર	2.13	1176.20
અદાણી પોર્ટ્સ	1.59	1760.40

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	6.66	1019.30
કોલ ઇન્ડિયા	2.20	456.40
એચડીએફસી બેન્ક	1.91	780.85
એક્સીસ બેન્ક	1.89	1268.30
બજાજ ફાઇનાન્સ	1.79	955.35

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઇટન કંપની	4.76	4513.40
એશિયન પેઇન્ટ્સ	2.80	2600.25
અદાણી પોર્ટ્સ	1.58	1760.30
ઇન્ફોસીસ	1.44	1179.20
એચસીએલ ટેકન	1.28	1198.60

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	6.62	1019.55
એચડીએફસી બેન્ક	1.84	781.20
બજાજ ફાઇનાન્સ	1.80	955.05
એક્સીસ બેન્ક	1.78	1269.40
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.55	11956.00

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફલાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૧૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૬૨૦૦
તેજાબી સોનું	૧૫૬૧૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૩૯૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૩૦૮૦
સોનાનાં બિસ્કીટ	૧૫૬૨૦૦૦
ચાંદી (૯૯૯)	૨૬૫૩૦૦
ચાંદી સિક્કા	૨૬૬૮૦૦

નાણાકીય વર્ષ 2026-27થી T.D.S. જવાબદારી

ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ

પગારદારોના કિસ્સામાં તા. 5/4/2023ના પરિપત્ર નં.40/2023 અન્વયેના ખુલાસામાં કર્મચારી તેના માલિકને ઈન્ટીમેશન આપીને જણાવી દે કે તે કલ 115 BAC હેઠળ જૂની કે નવી

આવકવેરા યોજનાનો લાભ લેવા માંગે છે તો તેવા કેઈસમાં કલમ-192ની જોગવાઈઓ હેઠલ T.D.S. કપાત કરવાની રહે છે.

જો કર્મચારી દ્વારા આવુ ઈન્ટીમેશન આપવામાં આવે નહિ તો આપોઆપ નવી યોજના મુજબ ટેક્ષ કપાત કરવાનો રહે છે.

સાથે એવો ખૂલાસો કરવામાં આવ્યો છે કે સંબંધિત નાણાંકિય વર્ષ દરમ્યાન વ્યવસ્થાને બદલી શકાશે નહિ પરંતુ કર્મચારી ઈચ્છે તો આવકવેરા રીટર્ન ભરતા સમયે વિકલ્પમાં ફેરબદલ કરી શકે છે.

કલમ-393(1)- અન્ય વ્યાજમાંથી કપાત

અગાઉની કલમ-194A મુજબ અન્ય વ્યાજ (જામીનગીરી સિવાય) 10,000થી વધુ ઉપર 10 ટકા ટેક્ષ કપાત લાગે છે.

બેંક વ્યાજ મેળવનાર સિનીયર સીટીઝન કરદાતાઓ માટે 100000 અને અન્ય કરદાતા માટે 50000 સુધી T.D.S.ની જોગવાઈ લાગતી નથી. કરદાતા દ્વારા કો.ઓપરેટીવ બેંકની

એકથી વધુ શાખામાં ફિક્સ ડિપોઝીટ મૂકવામાં આવી હોય તો એકત્રિત રકમ આ મર્યાદાથી વધે તો T.D.S.ને પાત્ર છે.

કોન્ટ્રાકટરને પેમેન્ટ

વ્યકિત તેમજ HUF કોન્ટ્રાકટર હોય તો 1 ટકા ટેક્ષ કાપવાનો અને ભાગીદારી પેઢી તેમજ કંપની હોય તો 2 ટકા ટેક્ષ કાપવાનો કયાં સંજોગોમાં ટેક્ષ કાપવાનો નથી ?

(2) મેન્યુફેક્ચરીંગના કેઈસમાં માલનું મૂલ્ય અલગ દર્શાવ્યુ હોય તો એ રકમ બાદ કરીને TDS કાપવાનો

(3) ઉપરોકત જોગવાઈમાં જો એસોસીએટ કન્સર્ન દ્વારા માલ સપ્લાય કરવામાં આવે તો આખા બીલ ઉપર TDS લાગશે.

(4) 10 થી વધારે ટ્રકો નહિ હોય તો ડેકલેરેશન આધારિત TDS કાપવાનો નથી પરંતુ આ વિગત ત્રિમાસિક રીટર્નમાં ભરવી પડશે.

5(વ્યકિત HUF દ્વારા અંગત કારણોસર કોન્ટ્રાકટરને ચૂકવણી કરવામાં આવે જેમ કે ઘર બાંધવા તો તેવા કિસ્સામાં TDS કાપવાનો નથી.

6) કોન્ટ્રાકટ પેમેન્ટ અથવા પ્રોફેશનલ પેમેન્ટ સંદર્ભે વ્યકિત અને એચ.યુ.એફ. ટેક્ષ ઓડિટને પાત્ર નહિ હોય તો TDS કપાત કરવાની નથી.

કોન્ટ્રાકટર-પ્રોફેશનલને

ઉપર (6) માં જણાવ્યા મુજબ જો કોન્ટ્રાકટર કે પ્રોફેશનલ્સને 50 લાખથી વધુનું પેમેન્ટ કરવામાં આવે તો 5 ટકા TDS લાગશે.

ખરીદી સંદર્ભે T.D.S.

ખરીદનારના આગળના વર્ષનું વેચાણ વાર્ષિક મૂલ્ય 10 કરોડથી વધુ હોય અને એક વેચનાર 50 લાખથી વધુનું વેચાણ તે ખરીદનારને કરે તો ખરીદનારે 0.1 ટકા TDS કાપવાનો છે.

જો વેચનાર કલમ-206 C(1 H) અન્વયે ટેક્ષ ઉઘરાવવા માટે જવાબદાર હોય તો TDSની જોગવાઈ લાગુ પડશે. પરંતુ 1-4-2025 થી હવે વેચનારે ટેક્ષ ઉઘરાવવાનો નથી.

G.S.T. સ્વરૂપની ચૂકવણીમાંથી

સીબીડીટી બોર્ડ પરિપત્રને 23/2017 તા. 19-7-2017 અન્વયે કરદાતાને GSTની અલગથી લખેલ રકમ અંગે કુલ પેમેન્ટ થાય તો GSTની રકમમાંથી TDS કાપવાનો નથી.

ક્રૂડમાં 'કરંટ' અને રસોડામાં 'ઝાળ'

એપ્રિલમાં મોંઘવારી 3.8% થવાની દહેશત! એલપીજી અને તેલના ભાવ સામાન્ય માણસનું બજેટ ખોરવશે

નવી દિલ્હી, તા. 8: એપ્રિલમાં 2026 દરમ્યાન ભારતમાં છૂટક ફુગાવો વધવાની ધારણા છે. રોઈટર્સના એક સર્વે મુજબ ક્રુડના વધતા ભાવના કારણે એપ્રિલમાં ફુગાવો વધીને 3.8 ટકા થઈ શકે છે. માર્ચ 2026માં, છુટક ફુગાવાનો દર 3.4 ટકા હતો. જો આ અંદાજ સાચો સાબિત થશે તો ફુગાવો આરબીઆઈના મધ્યમ ગાળાના લક્ષ્યાંક ચાર ટકાની નજીક હશે.

સરકાર 12 મે, 2026ના રોજ એપ્રિલ મહિના માટે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ-સીપીઆઈ આધારિત ફુગાવા આંકડા જાહેર કરશે. રોઈટર્સે ફુગાવાનો અંદાજ 2.8 ટકાથી 4.2 ટકા સાથે 46 અર્થશાસ્ત્રીઓને મતદાન કર્યુ હતું.

અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે, વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઈલના ઊંચા ભાવો હવે ભારતીય બજારમાં પ્રભાવ જોવા મળવા લાગ્યા છે. અમેરિકા-ઈરાન યુદ્ધ બાદ આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલના ભાવ યુદ્ધ પહેલાના સ્તર કરતા લગભગ 40 ટકા વધારે છે. ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ આયાતકાર દેશ છે. આવી સ્થિતિમાં, આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં વધારાની સીધી અસર સ્થાનિક મોંઘવારી પર પડે છે.